**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૭૧ ટકા

# આજે ઘરે ઘરે ગૃહિણીઓ જમણ બનાવવામાં વ્યસ્ત

## શહેરમાં રાંધણ છઠ્ઠના લીધે ઘરઘરાઉ તથા સ્ટોર્સમાં વિવિધ વાનગીઓ વેચાણમાં

ગાંધીનગર, તા.૨૦

નગરમાં નાગપંચમીની ઉજવણી ઉપવાસ સાથે નાગદેવતાને કુલેર અને ખાજા ધરાવી કરવામાં આવી હતી ત્યારે આજે હવે રાંધણ છઠ્ઠ હોવાથી ગૃહિણીઓ વિવિધ પ્રકારની રસોઈ રાંધીને સાતમના દિવસે ઠંડુ ખાશે. જે અંગે આજે ગૃહિણીઓ વિવિધ શાક, થેપલા, પુરી, વડા, હાંડવા વિગેરે જેવી વાનગીઓ બનાવશે અને સાતમના દિવસે પરિવારજનો સાથે જમશે.

સાતમના દિવસે ઠંડુ ખાવાનો મહિમા છે. જે કારણોસર રાંધણ છઠ્ઠનો પણ અલગ જ મહિમા છે. આ દિવસે ગૃહિણીઓ સાતમના દિવસે ખાવા માટેનું જમણ બનાવે છે. શહેરની બહેનો પણ આજે વિવિધ વાનગીઓ પરિવારજનો માટે બનાવશે. જેમાં હાંડવો, થેપલા, વડા, પુરી, જેવી વાનગીઓ તો બનશે જ પણ સાથે સાથે બાળકો માટે પાણીપુરી અને ભેળ જેવી વાનગીઓ પણ અલગથી બને છે.

શહેરના વિવિધ સ્ટોર પર મેથીના થેપલા, હાંડવો, બાજરી અને મકાઈના વડા,



પાતરાના વાટા, પાણીપુરીની પુરી, ઘેવર, માવાના માલપૂવા, ખાજા, ફરસીપુરી, મસાલા અને મેથી પુરી, શકકરપારા, ફૂલવડી, મમરી, દહીંવડા, દીલ્લી ચાટ, બાસુંદી, રબડી, રસમલાઈ, મોહનથાળ, ચૂરમા અને બુંદીના લાડુ સાથે વિવિધ વાનગીઓ મળશે. આ ઉપરાંત સુકીભાજી તથા કાજુ કારેલાનું શાક પણ શહેરીજનો માટે હોટ ફેરવીટ છે.

શાકભાજીમાં ખાસ જેમાં પાણી ન હોય તેવા શાક કારેલા અને કંકોડાનો ભાવ પણ એક-બે દિવસ માટે વધુ રહ્યો છે. શહેરના વિવિધ સ્ટોર પર તો વિવિધ વાનગીઓ મળી રહી છે સાથે સાથે હવે ગૃહિણીઓ પણ ઘરઘરાઉ વિવિધ વાનગીઓ બનાવી વેચાણ કરી રહી છે. જેમાં એક ફરાળી થાળીમાં રાજગરા પુરી, સૂકીભાજી, મોરૈયો, ખીચડી-કઢી વેચાણમાં છે જેનો ભાવ લગભગ ૧૦૦ રૂ. આસપાસ છે. થેપલા ૭ રૂપિયા એક નંગના, બાજરીના વડા ૫૦ રૂપિયે ૨૫૦ ગ્રામ, પાત્રા ૬૦ રૂપિયે ૨૫૦ ગ્રામ ના ભાવે વેચાણમાં છે. આમ હવે તો ગૃહિણીઓને દરેક વાનગી ઘરે બનાવવાની ઈચ્છા ન પણ હોય તો ઘરઘરાઉ તથા શહેરના વિવિધ સ્ટોર્સમાં દરેક વાનગી મળી જ રહેશે.



મુકતેશ્વર મહાદેવ ગ્રીનસીટી સે-૨૬ ખાતે વસાહતીઓ દ્વારા ૨૫૦ દિવડાની આરતી કરવામાં આવી હતી.



ગાંધીનગરમાં આજે નાગપંચમીનું પવિત્ર પર્વ ઉજવવામાં આવ્યું હતું. શ્રધ્ધાળુઓએ નાગદેવતાની પૂજા અર્ચના કરી હતી. નાગપંચમીના દિવસે ખાજા આરોગવાનું મહત્વ રહેલું છે. જે અનુસાર શહેરીજનોએ પેટભરીને ખાજા આરોગ્યા હતા. નાગપંચમીના તહેવાર નિમિત્તે સેકટર-૫ ખાતે જય ગોગા મિત્ર મંડળ દ્વારા ગોગા બાપાને દૂધ ખીરનો પ્રસાદ ચઢાવાયો હતો. આ સાથે ગોગા બાપાના મંદિરે ખાસ હવનનું આયોજન કરાયું હતું અને ગોગા બાપાની પૂજા આરતી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શ્રધ્ધાળુઓએ ભાવપૂર્વક ભાગ લઈ પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી.

## આજે ગાંધીનગરમાં

### ધાર્મિક

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૩ દ્વારા રાત્રે ૯ થી ૧૦ દરમિયાન ચેતનભાઈ જોષીના નિવાસસ્થાન ૩૩૬/૮ આલેખ ફ્લેટ ખાતે શિવ મહિમ્ન પાઠ યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણસમાજ દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે ચંદ્રકાંતભાઈ એસ. ઓઝાના નિવાસસ્થાન ૧૩૩/૨, સે-૨-બી ખાતે શિવ રૂદ્રાભિષેક તથા શિવ મહિમ્ન પાઠ યોજાશે.

● રામધામ વાવોલ ખાતે બપોરે ૩.૩૦ થી ૬.૩૦ દરમિયાન દેવી ભાગવત કથા યોજાશે.

● રંગ અવધૂત પરિવાર સે-૨૮ ખાતે રાત્રે ૮.૧૫ દરમિયાન સુચિતભાઈ ભટ્ટ દ્વારા લઘુરૂદ્ર યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ દ્વારા રાત્રે ૯ થી ૧૦ દરમિયાન ધર્મેન્દ્રભાઈ પંડયાના નિવાસસ્થાન બી-૭૪, ગ્રીનસીટી ખાતે શિવ મહિમ્ન પાઠ યોજાશે.

### ચિરવિદાય

● સ્વ. ભાવસાર કોકીલાબેન વાડીલાલ, ઉ.વ. ૭૫

## મુવી હાઉસ

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

● મિશન મંગલ
૯, ૧૦.૫૦, ૧૧.૪૫, ૧.૪૫, ૨.૪૦, ૪.૪૦, ૫.૩૫, ૭.૩૫, ૮.૩૦, ૧૦.૩૦

● બટલા હાઉસ
૯.૦૦, ૧૦.૦૦, ૨.૦૦, ૧.૦૦, ૩.૦૫, ૪.૦૫, ૬.૧૦, ૭.૧૦, ૯.૧૫, ૧૦.૧૫

● ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ
૩-ડી હિન્દી
૧.૧૦

● ધ લાયન કિંગ
૧૦.૪૦

● સુપર-૩૦
૯.૩૦

### સિટી પલ્સ કુડાસણ

● મિશન મંગલ
૧૧.૩૦, ૧૨.૪૫, ૨.૧૫, ૪.૦૦, ૫.૦૦, ૬.૪૫, ૭.૪૫, ૧૦.૩૦

● બટલા હાઉસ
૧૦.૩૦, ૧૨.૪૫, ૧.૧૫, ૬.૪૫

● સુપર-૩૦
૬.૩૦ સાંજે

● કબિરસિંગ
૩.૧૫ બપોરે

● ચાલ જીવી લઈએ
૧૨.૩૦

● ચાસની (ગુજરાતી)
૯.૩૦

### પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

● મિશન મંગલ
૮, ૧૦, ૧૧, ૧૨.૧૦, ૧.૦૦, ૨.૦૦, ૪.૦૦, ૫.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦

● બટલા હાઉસ
૯.૦૦, ૧૦.૦૦, ૧.૧૦, ૩.૧૫, ૪.૨૦, ૭.૩૦, ૯.૩૦, ૧૦.૧૪૦

● ચાસની (ગુજરાતી)
૬.૩૦ સાંજે

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

● મિશન મંગલ
૮.૫૫, ૯.૪૫, ૧૦.૪૫, ૧૧.૩૫, ૧૨.૩૦, ૧.૩૦, ૨.૨૫, ૩.૨૫, ૪.૨૫, ૫.૨૦, ૬.૨૦, ૭.૨૦, ૮.૧૫, ૯.૧૫, ૧૦.૧૫

● બટલા હાઉસ
૯.૧૦, ૧૦.૦૦, ૧.૦૦, ૩.૦૫, ૪.૦૦, ૭.૦૦, ૯.૦૦, ૧૦.૦૦

● ચાસની (ગુજરાતી)
૧૨.૧૫

## ડિવાઈન વિઝન ગ્રુપ દ્વારા વડીલો માટે યાત્રા યોજાઈ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર ડિવાઈન વિઝન ગ્રુપ દ્વારા પવિત્ર શ્રાવણ માસમાં ૫૦ જેટલા વડિલ બંધુઓને વિના મુલ્યે સોમનાથ મહાદેવ મંદિરને યાત્રાએ લઈ જઈ ગાયત્રી યજ્ઞ અને ભજન ગરબા કરાવવાની




અનોખી સેવા પ્રવૃત્તિ હાથ ધરાઈ હતી. સે-૨૨ના રામેશ્વર મહાદેવ પાસેથી વહેલી સવારે બસ ઉપાડવામાં આવી હતી. આ યાત્રા પ્રવાસની મુહુર્ત વિધિ ગાંધીનગરના મેયર રીટાબેન પટેલના આર્શીવચન સાથે કરવામાં આવી હતી. આ શુભ પ્રસંગે રામેશ્વર મહાદેવ ટ્રસ્ટના પ્રમુખ નરેશસિંહ બિહોલાની ઉપસ્થિતિમાં અગ્રણી નેતા કેતનભાઈ પટેલે યાત્રિકોને શુભેચ્છાઓ પાઠવી ડિવાઈન ગ્રુપ દ્વારા થતી વિવિધ સામાજીક પ્રવૃત્તિઓને બિરદાવી હતી. ગ્રુપ સંયોજક જયદીપભાઈ બી. જોષીના સંપૂર્ણ સહયોગથી યોજાયેલ આ યાત્રા દરમિયાન ગાંધીનગર ગાયત્રી પરિવારની બહનોએ મંત્રોચ્ચાર સાથે યજ્ઞમાં સામુહિક આહુતિ કરાવડાવીને તમામ વડીલોને ખુબ ભાવવિભોર બનાવી દીધા હતા. ત્યારબાદ હર-કુસુમ મંડળના માઈભકતોએ પોતાના સુરીલા અવાજ સાથે ભજન ગીતોની જમાવેલ રમઝટમાં જાહેર જનતાએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પ્રવાસ સંચાલનમાં વસંતભાઈ પટેલ અને કિરિટભાઈ પટેલે સેવા આપી હતી.

## સે-૮ પ્રાથમિક શાળામાં 'મટકી ફોડ' સાથે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ



ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના અલ્પ હ્યુમન બીઈંગ ચેરિટેબલ ફાઉન્ડેશન દ્વારા આજે સેકટર-૮ની સરકારી પ્રાથમિક શાળામાં જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં મટકી ફોડ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ભાગ લઈને બાળકોને મજા પડી ગઈ હતી.

જન્માષ્ટમી આવે એટલે બાળ કાનુડાના મસ્તીભર્યા તોફાનો યાદ આવે જેમાં 'મટકી ફોડ' એ સૌથી લોકપ્રિય છે. બાળકોને પણ મટકી ફોડ કાર્યક્રમમાં ખૂબ આનંદ આવે છે અને મટકી ફોડ જોઈ તેઓ 'જય રણછોડ-માખણ ચોર'ના નારા લગાવવા માંડે છે. આજે ગાંધીનગરના સેકટર-૮માં સરકારી પ્રાથમિક શાળામાં ઉજવાયેલા મટકી ફોડ કાર્યક્રમમાં કંઈક આવા જ દશ્યો જોવા મળ્યા હતા. અલ્પ હ્યુમન બીઈંગ ચેરિટેબલ ફાઉન્ડેશનના ઉપક્રમે આયોજિત આ ઉજવણીમાં મટકી ફોડ સથે બાળકો માટે નિબંધ લેખન, સુલેખન, વાર્તાલેખન તથા ચિત્ર સ્પર્ધા જેવી સ્પર્ધાઓના આયોજન પણ કરાયા હતા. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ અલ્પાબા પરમાર, લાલશંકરભાઈ જોષી, પૂર્વ ધારાસભ્ય અશોક પટેલ, બ્રહ્માકુમારીઝ સે-૨૮ના કૈલાશદીદી ઉપરાંત શાળાના આચાર્ય તથા સ્ટાફ ગણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના સમાપને બાળકોને અલ્પાહાર તથા શૈક્ષણિક ઉપયોગી ચીજવસ્તુઓનું વિતરણ કરાયું હતું.

## એસઆરપી-૨ કેમ્પસ ખાતે જાપાનીઝ મીયાવાકી ફોરેસ્ટ પધ્ધતિ મુજબ વૃક્ષારોપણ કરાયું

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરને ફરી હરિયાળું શહેર બનાવવા શહેરની પર્યાવરણ પ્રેમી સંસ્થાઓ દ્વારા સઘન કવાયત હાથ ધરવામાં આવી છે. શહેરમાં છેલ્લા એક માસમાં પર્યાવરણ પ્રેમી આઈપીએસ સુધા પાન્ડે દ્વારા વૃક્ષોનું વાવેતર, માવજત અને ઉછેરની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કેમ્પસમાં મીયાવાકી પધ્ધતિ મુજબ અંદાજે ૨ હજાર જેટલાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું



નોંધપાત્ર સંખ્યામાં વૃક્ષારોપણ થવા પામ્યું છે. હવે શહેરમાં જાપાનીઝ મીયાવાંકી પધ્ધતિ મુજબ વૃક્ષારોપણ કરવાનો નવો ટ્રેન્ડ શરુ થયો છે જેમાં ઓછી જગ્યામાં વધુ વૃક્ષો વાવી ઉછેરી શકાય છે જે અંતર્ગત શહેરની પર્યાવરણ સંસ્થા વનશ્રી ટ્રસ્ટ દ્વારા એસઆરપી ગૃપ-૨ ખાતે ૫૦૦ રોપાઓનું વાવેતર કરાયું હતું.

શહેરના એસ.આર.પી. ગૃપ-૨ કેમ્પ ખાતે મીયાવાકી પધ્ધતિ મુજબના વૃક્ષારોપણ થકી છે. આ પધ્ધતિ અનુસાર વૃક્ષોની સરેરાશ ઉંચાઈ પ્રમાણે વૃક્ષો વાવી તેમાં નિંદામણ કરવાનું હોતું નથી. આ પધ્ધતિથી વૃક્ષો જલ્દી ઉગે છે અને અસરકારક ગ્રીન કવર તૈયાર થાય છે. વનશ્રી ટ્રસ્ટના ચૈતન્ય નિમાવતે સુધા પાન્ડે સાથે મળીને એસઆરપીના સ્ટાફ સાથે મળીને વૃક્ષારોપણ કર્યું હતું. જેમાં ૫૦૦ વૃક્ષોનું વાવેતર કરાયું હતું. વનશ્રી ટ્રસ્ટના ગ્રીન એમ્બેસેડર અંજના નિમાવત દ્વારા આ વૃક્ષોના ઉછેર માવજતનો સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો.

## સે-૨ પ્રાથમિક શાળામાં ધ્વજવંદન તથા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૦

સરકારી પ્રાથમિક શાળા સેકટર-૨માં સ્વાતંત્ર્ય દિને ધ્વજવંદન તથા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયેલ હતો. જેમાં જળશકિત કાર્યક્રમને સાંકળી લેવામાં આવ્યો હતો. સેકટર-૨ના સિનીયર સીટીઝનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને દિપાવ્યો હતો.

આચાર્ય માયાબેન, બનીતાબેન, શિલ્પાબેન, પ્રિયંકાબેન, સિનીયર સીટીઝન શ્રી લાલા, પ્રમોદભાઈ દવે, સોમાભાઈએ હાજરી આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા વડીલોએ ભારે જહેમત ઉઠાવી હતી.



ગાંધીનગર નજીક આવેલા કોલવડા ગામે ગોગા મહારાજના મંદિરે નાગ પાંચમના ધાર્મિક તહેવારની ભવ્ય ઉજવણી કરાઈ હતી. ઉજવણીના ભાગરુપે ગામમાં ભવ્ય વરઘોડો નીકળ્યો હતો જેમાં હજ્જારો ગ્રામજનો જોડાયા હતા. જયારે સવારથી સાંજ સુધી દુધનો પ્રસાદ ભકતોને આપવામાં આવ્યો હતો.જયારે ગોગા મહારાજના દર્શન કરીને ભકતોએ ધન્યતા અનુભવી હતી. જયારે કોલવડા ગામે નાગપાંચમના તહેવારે ગુજરાતના જાણીતા ગુજરાતી કલાકારો ગમન સાંથલ અને વિજય સુંવાળા ઉપસ્થિત રહ્યા હતા અને ગોગા મહારાજના દર્શનનો લ્હાવો લીધો હતો.

## સિવિલમાં અઠવાડીયામાં મેલેરીયાના ૧૧ અને ડેન્ગ્યુના ૭ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરમાં છેલ્લા એક માસથી પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો વકર્યો છે. ચોમાસાની ગંદકી અને શહેરમાં મળતા અખાદ્ય ખોરાકને પગલે રોગચાળાએ માઝા મુકી છે. શહેરની સિવિલ હોસ્પિટલ દર્દીઓથી ઉભરાય છે. મેડીસીન ઓપીડીમાં દર્દીઓની લાંબી કતારો જોવા મળે છે.

પ્રાપ્ત માહિતી મુજબ ચોમાસાની સિઝન ચાલી રહી છે, વરસાદે વિરામ લીધો છે. વરસાદને પગલે ઠેર ઠેર પાણીના ખાબોચીયા- કાદવ-કિચડ અને ખદબદતી ગંદકીથી નાગરીકો હેરાન પરેશાન થઈ ગયા છે. ગંદકીને પગલે મચ્છરોનો ત્રાસ વધી જવા પામ્યો છે. શહેરમાં છેલ્લા કેટલાક સમયથી રોગચાળાએ માથુ ઉંચક્યું છે. શહેરમાં મોડી રાત સુધી ડોકટરોને ત્યાં દર્દીઓની લાંબી કતારો જોવા મળે છે. નગરમાં બે ઘર છોડીને એક માંદગીના ખાટલો છે. શહેરમાં ચોમાસાની સિઝનને લઈ મચ્છરજન્ય તેમજ પાણીજન્ય રોગચાળાએ માથુ ઉંચકતા આરોગ્ય વિભાગ પર હરકતમાં આવી ગયું છે. મચ્છરોને પગલે કાદવ કિચડમાં દવાના છંટકાવની કામગીરી ચાલી રહી છે. ત્યારે શહેરમાં વાઈરલ ફીવર ઉપરાંત ટાઈફોડઈ, મેલેરીયા, ડેન્ગ્યુ, કમળા અને ઝાડા-ઉલ્ટીના કેસ વધુ જોવા મળી રહ્યા છે. સિવિલની ઓપીડી-વોર્ડ દર્દીઓથી ઉભરાયેલા જોવા મળી રહ્યા છે. ત્યારે ગત અઠવાડીયામાં સિવિલમાં મેલેરીયા-૧૧, ડેન્ગ્યુ ૭, ચીકનગુનીયા-૧, ટાઈફોઈડ-૯ અને કમળાના ૮ કેસ નોંધાયા છે. જયારે શહેરમાં તાવ અને ઝાડા-ઉલ્ટી સહિત વાઈરલ ફીવરમાં દર્દીઓ જકડાઈ જવા પામ્યા છે.

## આજે ઝેવિયર્સ અને કાર્મેલ ફેસ્ટ યોજાશે

ગાંધીનગર, તા.૨૦

સેંટ ઝેવિયર્સ અને માઉન્ટ કાર્મેલ સ્કુલ દ્વારા ઝેવિયર્સ અને કાર્મલ ફેસ્ટ માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ સે-૨૧ ખાતે યોજાશે. જેની શરૂઆત સવારે ૯ વાગ્યાથી થશે. વિવિધ કાર્યક્રમો જેમ કે ડીબેટ, ડેકલેમેશન, ઈન્ડિયન ફોક ડાન્સ તથા પોસ્ટર મેકીંગમાં ૫ થી ૧૨ ધોરણના વિદ્યાર્થીઓ ભાગ લેશે.

## રાજ્ય ટેક્વોન ડો સ્પર્ધામાં ગાંધીનગરની ટીમ અવ્વલ



ગાંધીનગર, તા. ૨૦

સ્પોર્ટ્સ કોમ્પલેક્સ, ખોખરા, અમદાવાદ ખાતે ગુજરાત સ્ટેટ ટેક્વોન ડો ચેમ્પિયનશીપ યોજવામાં આવી હતી, જેમાં ગાંધીનગરની ટીમના ખેલાડીઓએ વિવિધ ઈવેન્ટમાં ભાગ લઈ ૩૧ ગોલ્ડ, ૩૪ સિલ્વર, ૩૦ બ્રોન્ઝ સહિત ૯૫ મેડલ મેળવી પ્રથમ સ્થાન હાંસલ કર્યું હતું. ટીમને તાલીમ અજય જાડેજા, રોનક કંસારા, મિલન કંસારા, મયુર પરમાર દ્વારા પૂરી પાડવામાં આવી હતી. ટીમનું નેતૃત્વ અનુરાગ બામણિયા, શનિ રાજપૂત અને હર્ષદ પરમારે સંભાળ્યું હતું. સંસ્થાના ચીફ કોચ જનક દવે અને ગ્રાન્ડ માસ્ટર પ્રકાશ સંભવાણીએ વિજેતા ખેલાડીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## સ્વ. રાજીવ ગાંધીની ૭૫મી જન્મજયંતિ નિમિતે એનએસયુઆઈ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર શહેરની સેકટર-૧૫ સ્થિત સરકારી વિનયન કોલેજ ખાતે મંગળવારના રોજ એનએસયુઆઈ દ્વારા ભારત રત્ન સ્વ.રાજીવ ગાંધીની ૭૫ મી જન્મજયંતિ નિમિતે વૃક્ષારોપણનો કાર્યક્રમ કર્યો હતો. આ પ્રસંગે કોલેજ કેમ્પસ ખાતે વિવિધ વૃક્ષોનું વાવેતર કર્યું હતું. ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈના પ્રમુખ અમિત પારેખ, ૧૫ આર્ટસ કોલેજ પ્રમુખ રાજપાલસિંહ વાઘેલા જિલ્લા મહામંત્રી રૂત્વિક પટેલ, સાહીલસિંહ મકવાણા, રોહિત ચૌહાણ, વાઘેલા શકિતસિંહ અને એનએસયુઆઈના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.



## ચોરીના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી ગત તા.૨૨ જુલાઈના રોજ બાઈક ચોરીનો આરોપી ઝડપાયો છે. શહેરની સેકટર-૭ પોલીસના કોન્સ્ટેબલ બેચરભાઈને બાતમી મળી હતી કે આરોપી મુસ્તુફા ગુલાબનબી સમા રહે. મેમદપુર જોટાણા મહેસાણાને પોલીસે પકડી પાડ્યો છે. આ આરોપી ચોરીના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો હતો.